# "An alternative study of economic development of tribal communities "

**Pri. Dr. Vinodbhai N. Patel**
**Navyug Commerce College**
**Surat**
**Email Id** – vinodpatel1304@yahoo.com
**Mo – 7016649575**

**Bharatiben A. Chaudhari**
**Research scholar**
**Economics Department**
**Navyug Commerce College**
**Surat**
**Email Id** – bhartigarg136@gmail.com
**Mo - 9727592277**

## સારાંશ (Abstract)

આદિવાસી વિકાસ અંગે અંગ્રેજ શાસનથી લઇ આજ પર્યંત વિવિધ પ્રયાસો થયા. અનેક સમિતિઓ બની. વ્યૂહરચનો ઘડાઇ, વિવિધ વિકાસલક્ષી યોજના અને કાર્યક્રમો પણ ઘડાયા તેમ છતા આદિવાસી સમુદાયોનો અપેક્ષિત વિકાસ થયો નથી. તેમના સ્વતંત્ર વિકાસ માટે બંધારણીય જોગવાઈઓ પણ કરવામાં આવી તેમજ PESA જેવા વિશિષ્ટ અધિકારના કાયદાઓ પણ ઘડવામાં આવ્યા. સરકારી, બિન સરકારી સંસ્થાઓ અને અન્ય નાગરિક સંગઠનો પણ આદિવાસીઓના વિકાસ માટે અનેક કાર્યક્રમો લઈને આદિવાસી વિસ્તારોમાં બેસી ગયા છે. તેમ છતા આદિવાસી વિકાસ બાબતે ઊભા થતા કેટલાંક સવાલો આજે પણ યથાવત છે. કારણ કે આ બધા જ પ્રયાસો બુદ્ધિપૂર્વકના હતા પરંતુ આદિવાસીઓની સ્થિતિ, ક્ષમતા અને તેમની ઈચ્છા મુજબના ન હતા. તેથી આદિવાસીઓ ના વિકાસનો અભિગમ બદલવાની આવશ્યકતા ઊભી થઈ છે. આદિવાસીઓનો સંપોષિત વિકાસ કરવો હોય તો તેમની ક્ષમતાઓનુ પ્રફૂલ્લન કરીને તેમની સંસ્કૃતિ-પ્રકૃતિને અનુરૂપ વિકાસનું માળખુ ગોઠવવું જોઇશે.અર્થાત્ "આદિવાસીઓની ક્ષમતાઓનુ વર્ધન એટલે આદિવાસી વિકાસ." આ અભિગમ મુજબ પ્રસ્તુત અભ્યાસમાં દક્ષિણ ગુજરાતના ડાંગ અને તાપી જિલ્લાના સંદર્ભમાં આદિવાસી વિકાસની સમસ્યાઓ અને આ સમસ્યાઓના ઉકેલ માટે આદિવાસીઓમાં રહેલી ક્ષમતાનુંસાર વિકાસની વ્યૂહરચના વિચારવામાં આવી છે.

## પ્રસ્તાવના

સ્વતંત્ર ભારત સરકાર દ્વારા આ યોજન રૂપે આદિવાસી વિકાસની શરૂઆત પ્રથમ પંચવર્ષીય યોજનાથી થઈપ્રથમ . પંચવર્ષીય યોજનાના ગાળામાં ઈ.સ.1954માં 45 આદિવાસી ઘટકોને અગલ પાડી 'Special Multi Purpose Tribal blocks ( SMPT )' યોજના દાખલ કરી બીજી યોજના દરમિયાન જે વિસ્તારમાં .66.67 ટકાથી વધુ આદિવાસી વસ્તી હોય તે દરેક ઘટકમા આ SMPT યોજના લાગુ કરવામાં આવી. ગૃહમંત્રાલયે ડો. એલ્વિનની અધ્યક્ષતા હેઠળ SMPT ની સમિક્ષા માટે સમિતિ નીમી. ઈ.સ.1960 તેના અહેવાલમાં એલ્વિન સમિતિની ભલામણોને ધ્યાનમાં લઈ SMPT કાર્યક્રમને વધુ વિસ્તૃત બનાવી ચાલુ રાખ્યુતેમની ભલામણ અનુસાર આદિવાસી . વિકાસ ઘટકો150 થી 200 ચોરસ માઈલ જેટલા નાના વિસ્તારવાળા તથા 25000 જેટલી વસ્તીવાળા રાખવાત્રીજી . યોજનાના અંતે કુલ વસ્તીના40 ટકા આદિવાસી વસ્તીને આવરી લેતા 500 ઘટકો રચાયા હતા જોષી), 2009). ચોથી યોજનાના અંતમાં આદિવાસી વિકાસ કાર્યક્રમોની તપાસ કરવા માટે શ્રી શીલુ આઓની અધ્યક્ષતામાં એક અભ્યાસ જુથની રચના કરી તેણે .1969 માં અહેવાલ રજુ કર્યો આ . અહેવાલમાં કાર્યક્રમના અમલની અનેક મર્યાદા સહિત ઘટક કાર્યક્રમોની અપર્યાપ્તતા દર્શાવી . મોટા ભાગની આદિવાસી વસ્તી વિકાસ કાર્યક્રમોથી વંચિત રહી ગઈ છે. જ્યારે જેમને યોજનાઓના લાભો મળ્યા તેઓ શૈક્ષિક અને આર્થિક રીતે આગળ હતીઢેબર કમિશનની . યોજના દરમિયાન આદિવાસી પેટાયોજનાનો અભિગમ ભલામણોના આધારે સરકાર દ્વારા પાંચમી પંચવર્ષીય સ્વીકારવામાં આવ્યો જે આજ સુધી ચાલુ છે . તાજેતરમાં આદિવાસી વિકાસ માટે (૧) Tribal Area Sub Plan - આદિવાસી વિસ્તાર પેટા યોજના સંકલિત આદિવાસી (૨) વિકાસ યોજના ITDP (3) MADA -Modified

Area Development Approach, વગેરે વ્યૂહરચના હેઠળ વિકાસના વિવિધ કાર્યક્રમો અમલી છે. ઉપરોક્ત જોગવાઈઓ અને વિકાસ કાર્યક્રમો ગુજરાત રાજ્યને પણ સારી રીતે લાગુ પડે છે કારણ કે ગુજરાતમાં . લગભગ 90 લાખ આદિવાસી વસ્તી પૂર્વના જિલ્લાઓમાં વસવાટ કરે છે આ . સંદર્ભે ગુજરાતમાં પણ પાંચમી પંચવર્ષીય યોજનાથી એટલે કે ઇ .સ.1975 થી આદિવાસી વિસ્તાર પેટા યોજના કાર્યરત છે. આ ઉપરાંત તાજેતરમાં ગુજરાતમાં મુખ્યમંત્રીના દશમુદ્દા કાર્યક્રમ તરીકે જાણીતી 'વનબંધુ કલ્યાણ યોજના' ફેબ્રુઆરી 2007થી એક વિશિષ્ટ મિશન તરીકે અમલમાં છે એ જ રીતે કેટલીક કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ જેમ કે .VKV-CSS, વિશેષ કેન્દ્રિય સહાય )SCA) , અનુસૂચિ 275-1 હેઠળનુ અનુદાન, ગ્રાન્ટ અંડર અંબ્રેલા સ્કીમ, સરક્ષક સહ વિકાસ )CCD) વગેરે કાર્યક્રમો હેઠળ કરોડો રૂપિયાની ફાળવણી થાય છે .

આમ, આદિવાસી વિકાસ અંગે અંગ્રેજ શાસનથી લઇ આજ પર્યંત વિવિધ પ્રયાસો થયા .અનેક સમિતિઓ બની . વ્યૂહરચનો ઘડાઇ, વિવિધ વિકાસલક્ષી યોજના અને કાર્યક્રમો પણ ઘડાયા તેમ છતા આદિવાસી સમુદાયોનો અપેક્ષિત વિકાસ થયો નથી તેમના સ્વતંત્ર વિકાસ માટે . બંધારણીય જોગવાઈઓ પણ કરવામાં આવી તેમજ PESA જેવા વિશિષ્ટ અધિકારના કાયદાઓ પણ ઘડવામાં આવ્યાસરકારી ., બિન સરકારી સંસ્થાઓ અને અન્ય નાગરિક સંગઠનો પણ આદિવાસીઓના વિકાસ માટે અનેક કાર્યક્રમો લઈને આદિવાસી વિસ્તારોમાં બેસી ગયા છેઆ બધા પ્રયાસો . આયોજનપૂર્વકના તાર્કિક રહ્યા છે .બૌદ્ધિક વર્ગ દ્વારા વિચારપૂર્વક આર્થિક વિકાસનું આયોજન અને તેનુ અમલ થયું . તેમ છતા આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં તેનાથી બદલાવ નહિવત થયોકારણ કે આ બધા જ પ્રયાસો . બુદ્ધિપૂર્વકના હતા પરંતુ આદિવાસીઓની સ્થિતિ, ક્ષમતા અને તેમની ઇચ્છા મુજબના ન હતાસીઓના તેથી આદિવા . વિકાસનો અભિગમ બદલવાની આવશ્યકતા ઊભી થઈ છે આ . નવો અભિગમ કેવો હોવો જોઈએ તે ચકાસવાનો પ્રસ્તુત અભ્યાસમાં પ્રયાસ છે.

**અભ્યાસ પદ્ધતિ -** આદિવાસી સમુદાયનો આર્થિક વિકાસનો વૈકલ્પિક અભ્યાસ ગુણાત્મક અને ગૌણ માહિતીના આધારે માહિતસભર વર્ણાત્મક પદ્ધતિનું છે જે .ગુજરાતમાં સૌથી વધુ આદિવાસી વસ્તીની ટકાવારી ધરાવતા અને આદિવાસી પરંપરાગત કળા કૌશલ્ય તથા- સંસ્કૃતિ ધરાવતા ડાંગ અને તાપી જિલ્લાના સંદર્ભમાં છેતાપી અને . ડાંગ જિલ્લાના સૌથી વધુ આદિવાસી વસ્તીની ટકાવારી ધરાવતા ત્રણ ત્રણ તાલુકાઓ પસંદ કરી, દરેક તાલુકામાંથી ખેડૂતો, ખેતમજુરો, કારીગરો, ઉદ્યોગ - ધંધાના કાર્યકરો, શિક્ષકો અને વાલીઓના વર્ગદીઠ એક જુથની પ્ર ત્યક્ષ મુલાકાત, જુથ ચર્ચા અને અવલોકના માધ્યમથી મેળવેલ માહિતીના પૃથ્થકરણથી અભ્યાસના અંતિમ નિષ્કર્શને આકાર આપ્યો છે.

**આદિવાસી સમુદાયનો આર્થિક વિકાસનનો વૈકલ્પિક અભ્યાસના હેતુ**

૧ આદિવાસી સમુદાયના પરંપરાગત ખેતી એન મજૂરી ઉપરાંત નવા આવકના સ્ત્રોત પૂરા પાડીને આર્થિક રીતે શશક્ત . બનાવવું .

૨ આદિવાસી વિસ્તારોમાં ઉચ્ચ ગરીબી દરને ઘટાડવા માટે સ્થાનિક સંશોધનોનો ટકાઉ ઉપયોગ કરીને આજીવિકાની .

.તકો વધારવી

૩કુદરતી સૌંદર્ય અને આદિવાસી સંસ્કૃતિ જેવા સ્થાનિક સંશોધનો નો ઉપયોગ કરીને આર્થિક પ્રવુતિઓને ,જંગલો . પ્રોત્સાહન આપવું

૪– આદિવાસી યુવાનો અને મહિલાઓમાં વ્યવસાયી કૌશલ્ય વિકસાવીને ઔપચારિક એન સ્વ . રોજગારીની તકો ઊભી કરવી.

૫પ્રવાહમાં સામેલ કરીને સામાજિક અને આર્થિક અસમનતા ઘટાડવી જેમાં શિક્ષણ આદિવાસી સમુદાયોનો આર્થિક . .અને આરોગ્ય સુવિધાવોનો વિકાસ સામેલ છે

૬હસ્ ,આદિવાસી સંસ્કૃતિ.તકલા અને પરંપરાઓ ને આર્થિક પ્રવુતિઓ દ્વારા પ્રોત્સાહન આપીને તેમાંની ઓળખ જાળવી રાખવી .

૭યોજના સાથે જોડીને તેમનો લાભ મહતમ રીતે મળે તે વૈકલ્પિક અભિગમ દ્વારા આદિવાસીઓને સરકારી . .સુનિશ્ચિત કરવું

૮વૈકલ્પિક આર્થિક પ્રવુતિઓ દ્વારા આદિવાસીઓના જમીન અને વન અધિકાર .ોનું ઉપયોગ કરીને તેમની આર્થિક સ્થિરતા વધારવી .

## આદિવાસી વિકાસનો વૈકલ્પિક અભિગમ

આદિવાસી વિકાસના નવા અભિગમ મુજબ 'આદિવાસીઓની ક્ષમતાઓનું વર્ધન એટલે આદિવાસી વિકાસ.' એટલે કે આદિવાસીઓનો ટકાઉ વિકાસ સાધવો હોય તો તેમનામાં રહેલી શક્તિઓ, ક્ષમતાઓ, કળા-કોશલ્યો, ટેક્નિકલ જ્ઞાન, તર્કશક્તિ, વિચારો અને અભિગમો વિકસાવવાની આવશ્યકતા છે.

ગુજરાતના જાણીતા સમાજશાસ્ત્રી ડૉ. વિદ્યુત જોષીના મતે " આદિવાસી વિકાસનો મૂળભૂત અર્થ છે આદિવાસીઓની શક્તિઓ અને ક્ષમતાઓને પ્રગટાવવી અને વિકસાવવી."

આ અભિગમ મુજબ આદિવાસી વિકાસ અંગે સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી પંડીત નેહરુના પંચશીલના સિદ્ધાંતો વર્તમાન સમયે વધુ પ્રસ્તુત અને અસરકારક સાબિત થશે. આ સિદ્ધાંતોની સારરૂપ બાબતો નીચે મુજબ છે.

1) આદિવાસીઓએ પોતાનો વિકાસ પોતાની પ્રતિભાથી કરવો જોઇએ. તેમના પર કશુય લાદવુ જોઇએ નહી. એમની કળા અને સંસ્કૃતિને ખીલવવા તમામ પ્રોત્સાહનો આપવા જોઇએ.

2) જમીન અને જંગલ પરના હક્કોનો આદર કરવો જોઇએ.

3) તેમના વિકાસ અને પ્રશાસન માટે તેમનામાંથી જ ટીમ તૈયાર કરી તાલીમ આપવી જોઇએ. પ્રારંભમાં ટેક્નિકલ કર્મચારીઓ સિવાય બિન આદિવાસીઓને તેમના વિસ્તારમાં પ્રવેશવા દેવા ન જોઇએ.

4) તેમના પર વધુ પડતુ પ્રશાસન લાદવું જોઇએ નહીં. સંખ્યાબંધ યોજનાઓથી તેમને આંજી દેવા જોઇએ નહી. તેમની જ સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા અને તેના હરીફ થયા વગર કામ કરવું જોઇએ.

5) કામના પરિણામને આંકડાઓ કે નાણા ખર્ચથી માપવા કરતાં માનવચરિત્રની ગુણવત્તા કેટલી વિકસી શકી છે તેને

આધારે મૂલવવું જોઇએ.

આમ, આદિવાસી વિકાસ અંગેની પંડીત નેહરુની કલ્પના મુજબ આદિવાસીઓનો વિકાસ તેમની સંસ્કૃતિ, તેમની જરૂરિયાત મુજબ તેમની રીતે, તેમના દ્વારા જ થવો જોઇએ. બાહ્ય હસ્તક્ષેપ ન હોવો જોઇએ. તેમને માત્ર ટેક્નિકલ પ્રોત્સાહન અને સવલતો આપવી જોઇએ. આ બાબતોને ધ્યાને લઇ આદિવાસી વિકાસના નવા અભિગમ માટે નીચે મુજબની બાબતો ધ્યાનમાં લેવી અનિવાર્ય છે.

- આદિવાસી વિકાસ માટે તેમની આર્થિક સ્થિતિ ઉપરાંત સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને શૈક્ષણિક સ્થિતિના વિકાસને પણ સમાન મહત્વ આપવુ જરૂરી છે.
- સંપોષિત આદિવાસી વિકાસ માટે આદિવાસીઓની ક્ષમતાઓ વિકસાવવામાં આવશે તો આર્થિક વિકાસ આપોઆપ થઇ જશે. આર્થિક વિકાસ એ ટૂંકાગાળાનો પ્રયાસ છે, જ્યારે ક્ષમતાઓનો વિકાસ એ લાંબાગાળાના કાયમી વિકાસના પ્રયાસો છે.
- આદિવાસી વિકાસની વ્યૂહરચના આદિવાસીઓની ઇચ્છા, ક્ષમતા અને સંસ્કૃતિને અનુરૂપ હોવી જોઇએ.
- વિકાસ યોજનાઓનુ ઘડતર અને અમલ આદિવાસીઓ દ્વારા અને તેમની અનુકૂળતા પ્રમાણે થવું જોઇએ.
- આદિવાસીઓમાં રહેલ ક્ષમતા, કળા-કૌશલ્ય અને હુનરને માપીને વિકસાવીને આર્થિક વિકાસ માટે પ્રોત્સાહિત કરવા.
- વિકાસના હેતુસર આદિવાસીઓને આર્થિક સહાયને બદલે તેમની ક્ષમતા વિકસાવવા તાલીમ, તકનિકી સહાય અને મૂલ્યવર્ધક બજાર ઊભૂ કરી આપવામાં જાહેર ખર્ચ કરવો જરૂરી છે.
- વિકાસની સ્વયંગામી કક્ષાએ પહોચે ત્યા સુધી સ્થાનિક આદિવાસીઓ સાથે બિન આદિવાસીઓની સ્પર્ધા પર નિયંત્રણ રાખવુ જરૂરી બને છે.

આમ, આદિવાસીઓનો સંપોષિત વિકાસ કરવો હોય તો તેમની ક્ષમતાઓનુ પ્રફૂલ્લન કરીને તેમની સંસ્કૃતિ-પ્રકૃતિને અનુરૂપ વિકાસનું માળખુ ગોઠવવું જોઇશે. આ અભિગમ મુજબ આદિવાસીઓની ક્ષમતાઓનુ વર્ધન એટલે આદિવાસી વિકાસ કહેવાય. આ અભિગમને અનુસરીને આદિવાસી વિકાસના હેતુસર આદિવાસીઓમાં નીચે મુજબની ક્ષમતાઓનુ વર્ધન કરી શકાય.

# આકડાકીય માહિતી દર્શાવતા કોષ્ટક

**આદિવાસી સમુદાય :ડાંગ અને તાપી જિલ્લાની આંકડાકીય વિગતો )૨૦૦૧ અને ૨૦૧૧(**

| ક્રમ | વિષય | ડાંગ જિલ્લો | | તાપી જિલ્લો | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૧ | ૨૦૧૧ | ૨૦૦૧ | ૨૦૧૧ |
| ૧ | કુલ વસ્તી | ૧,૮૬,૭૨૯ | ૨,૨૬,૭૬૯ | NA | ૮,૦૭,૦૨૨ |
| ૨ | આદિવાસી વસ્તી (ટકાવારી) % | ૯૩.૮ % | ૯૪.૦૭ % | NA | ૮૪.૨ % |
| ૩ | સાક્ષરતા દર (ટકાવારી) % | ૫૯.૬ % | ૭૬.૮ % | NA | ૬૯.૨ % |
| ૪ | ગ્રામીણવસ્તી % | ૧૦૦ % | ૧૦૦ % | NA | ૯૧.૬% |
| ૫ | ખેતી આધારિત ઘરો % | ૮૨.૫ % | ૭૮.૩ % | NA | ૭૩.૧ % |
| ૬ | ખેતીની જમીન ધરાવતા ઘરો % | ૬૪.૨% | ૬૧.૫ % | NA | ૫૯.૪ % |
| ૭ | રોજગાર મેળવતી વસ્તી % | ૪૨.૮ % | ૪૬.૧ % | NA | ૪૩.૭ % |
| ૮ | પીવાના પાણીની સુવિધા ધરાવતા ઘરો % | ૫૫.૨ % | ૭૪.૯ % | NA | ૬૯.૫ % |
| ૯ | વીજળી સુવિધા ધરાવતા ઘરો % | ૪૧.૭ % | ૬૮.૪ % | NA | ૬૬.૩ % |
| ૧૦ | આરોગ્ય કેન્દ્રોની સંખ્યા | ૧૨ | ૧૮ | NA | ૩૪ |

તાપી જિલ્લો ૨૦૦૭ માં સુરતમાંથી વિભાજન પછી રચાયો તેથી ૨૦૦૧ માં તાપી જીલાની આંકડાકીય માહિતી ઉપલબદ્ધ નહોતિ .

સ્ત્રોત – આ આંકડા મુખ્યત્વે સરકારી સોર્સ )સેન્સર્સ ઓફ ઈન્ડિયા ,NSSO ,ટ્રાઈબલ ડેવલપમેન્ટ (પરથી આધારિત છે.

## આદિવાસીઓની ઇચ્છા, શક્તિ અને ક્ષમતા અનુસાર વિકાસ

સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા આદિવાસી વિકાસના વિવિધ પ્રયાસો થાય છે. જાહેર સત્તા દ્વારા અનેક કલ્યાણકારી યોજનાઓનું અમલીકરણ થાય છે. તેમ છતા અપેક્ષિત દિશામાં આદિવાસી વિકાસ થયો નથી. કારણ કે આ વિકાસ કાર્યક્રમો કે યોજનાઓ આદિવાસીઓની સંસ્કૃતિ, ક્ષમતા અને ઈચ્છા શક્તિને સમજ્યા વિના અમલી બનાવાય છે. તેથી સાચા અર્થમાં આદિવાસીઓનો ટકાઉ વિકાસ સાધવુ હોય તો તેમની ઈચ્છા, શક્તિ, ક્ષમતા, સંસ્કૃતિ અનુરૂપ અને વિકાસની પ્રક્રિયામાં તેમની ભાગીદારી દ્વારા જ વિકાસ કાર્યક્રમો નક્કી કરવા અને અમલ કરવાની આવશ્યકતા છે.

## જળ, જંગલ અને જમીન પરના અધિકારોનું રક્ષણ સહિત વિકાસ-

આદિવાસીઓ આદિકાળથી પેઢી દર પેઢી પ્રકૃતિની વચ્ચે પ્રકૃતિમય જીવન જીવતા આવ્યા છે.આદિવાસીઓની સંસ્કૃતિ, સમાજિક-ધાર્મિક પરંપરાઓ અને આજીવિકા પણ પ્રકૃતિને આધિન છે. તેઓ પરંપરાગત રીતે જ પ્રાકૃતિક સંસાધનોનો ઉપયોગ અને જતન કરતા આવ્યા છે. જે આજે પણ તેમના રીવાજોમાં પ્રસ્તુત છે. તેથી આદિવાસી વિસ્તારના જળ, જંગલ અને જમીન જેવા પ્રાકૃતિક સંસાધનો પ્રત્યે તેમના અધિકારોનું રક્ષણ થવુ જોઈએ. ગુજરાતમાં પણ બંધારણની પાંચમી અનુસૂચિ, વન અધિકાર કાયદો - 2006, પેસા કાનુન - 1996 અનુસાર તેમના પ્રાકૃતિક અધિકારોનું જતન કરીને આદિવાસી વિકાસ સંભવ છે.

અભ્યાસ હેઠળના જંગલના વાસની ગુણવત્તાને ધ્યાને લઈ તેની બનાવટો અંગે TSP, NGO અને ITI મારફત કાયમી ધોરણો તાલીમ કેન્દ્ર સ્થાપીને નીચે મુજબના ક્ષેત્રોમાં તાલીમ આપી સહકારી ધોરણે ગ્રામોદ્યોગો ચલાવવામાં આવે. જેમ

કે, 1) વાંસકામ એકત્રીકરણ મંડળીઓ, 2) ટોપલા-ટોપલી બનાવટ 3) વાંસના રમકડા અને સુશોભન વસ્તુઓ 4) વાંસનુ ફર્નિચર 5) વાસના પેકિંગ બોક્ષ અને વૃક્ષ ઉછેર કુંડાળા 6) બાજ-દંડીયા 7) ફર્નિચર-નકશીકામ 8) પ્લાયવુડ ઉદ્યોગ, 9) કાગળ ઉદ્યોગ વગેરે. સહકારી ધોરણે મંડળીઓ દ્વારા ઉદ્યોગ ચલાવવામાં આવે જેથી આદિવાસીઓમાં સ્વયં વિકાસની ક્ષમતા વધે.

## બિન આદિવાસીઓની સ્પર્ધા સામે રક્ષણ-

શ્રી પંડીત નેહરૂના પંચશીલ સિદ્ધાંતો મુજબ 'આદિવાસીઓના વિકાસ અને પ્રશાસન માટે તેમનામાંથી જ ટીમ તૈયાર કરી તાલીમ આપવી જોઈએ. પ્રારંભમાં ટેક્નિકલ કર્મચારીઓ સિવાય બિન આદિવાસીઓને તેમના વિસ્તારમાં પ્રવેશવા દેવા ન જોઈએ. તેમની જ સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા અને તેના હરીફ થયા વગર કામ કરવું જોઈએ.' આ ઉપરાંત બંધારણની પાંચમી અનુસૂચિ અને પેસા કાનુન મુજબ આદિવાસી ગ્રામસભાની મંજુરી વિના તે વિસ્તારના કુદરતી સંધાનનો વાપરવા પર નિયંત્રણો તથા બિન આદિવાસી આર્થિક સમૂહોની હરિફાઈ પર નિયંત્રણ કરવું. આમ, આદિવાસી સમુદાય વિકાસની સ્વયંગામી સ્થિતિએ ના પહોંચે ત્યા સુધી રાજકીય, વ્યાવસાયિક, શૈક્ષણિક અનામતો અને બિન આદિવાસી સમુહોની હરિફાઈથી રક્ષણ આપી વિકાસ કરવો જોઈએ.

## સામાજિક-સાંસ્કૃતિક દરજ્જા વર્ધક વિકાસ

આધુનિક સમયમાં વૈશ્વિક સ્તરે ગરીબીની પરિભાષા વધુ વ્યાપક બની છે. તે મુજબ ગરીબી માત્ર આર્થિક અભાવની સ્થિતિ નથી, પરંતુ સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય તકોનો અભાવ કે પછાતપણાની સ્થિતિ છે. આવી અભાવની સ્થિતિ વ્યક્તિ કે કુટુંબના સામાજિક દરજ્જામાં ઘટાડો લાવે છે. આદિવાસીઓ પોતાના સમાજમા કે પ્રદેશમાં ઊંચો દરજ્જો ધરાવે છે, તે દરજ્જો સમાજના મુખ્ય પ્રવાહમાં પણ ઊંચો અંકાય તે રીતે તેમનુ દરજ્જા વર્ધન કરવાની આવશ્યકતા છે. આ માટે આદિવાસીઓની સામાજિક -સાંસ્કૃતિક વિશેષતાઓને મૂળ સ્વરૂપે સાર્વત્રિક સ્વરૂપ આપવાની જરૂર છે.

## આદિવાસીઓની ક્ષમતાના વિકાસ માટે રાજ્યની ભૂમિકા

આદિવાસીઓ પોતાની પ્રકૃતિ-સ્વભાવ અને સ્થાનિક પરિસ્થિતિ અનુરૂપ નીચે મુજબના ક્ષેત્રોમાં વિશેષ ક્ષમતા અને કળા –કૌશલ્ય ધરાવે છે. આ ક્ષમતાઓને વિકસાવીને તથા તેમના કૌશલ્યમાં વર્ધન કરીને તેમનો વિકાસ સાધી શકાય. જેમ કે, 1) પરંપરાગત ખેતપેદાશો ઉત્પન્ન કરવાની ક્ષમતા 2) પરંપરાગત ખેતપેદાશોની બનાવટની ક્ષમતા 3) વન ઔષધિ આધારિત કુદરતી ઉપચારની ક્ષમતા 4) લોક સંગીત તથા લોક નૃત્યોનુ કૌશલ્ય 5) ગૌણ વનપેદાશો એકત્રીકરણ અને વન પેદાશની બનાવટોનું કૌશલ્ય 6) રમત-ગમતની ક્ષમતા 7) દેશી પશુપાલન, મરઘા ઉછેર અને કુદરતી પશુ ચિકિત્સા પદ્ધતિ. વગેરે ક્ષેત્રોમાં ગુજરાતના આદિવાસીઓ વિશેષ ક્ષમતા ધરાવે છે, જેને સરકારશ્રી દ્વારા વિશેષ યોજનાઓ બનાવી વિકસાવવી જોઈએ. તાજેતરમાં અમદાવાદ તથા ગાંધીનગરમાં યોજાતા લોક સાંસ્કૃતિક, હસ્તકળા, વાનગી વગેરે સંબંધીત મેળાઓના આયોજનનો વ્યાપ વિસ્તારી દરેક પ્રવાસન સ્થળે વારાફરથી નિયમિતપણે ચાલુ રાખવાની આવશ્યકતા છે.

## પરંપરાગત ઉત્પાદનનું મૂલ્યવર્ધન અને બજારીકરણ

આદિવાસીઓના મુખ્ય વ્યવસાયો ખેતી અને પશુપાલન છે. આ વ્યાવસાયો પેઢીદર પેઢી વારસાગત રીતે ચાલ્યા આવે છે. ખેતી અને પશુપાલનની પદ્ધતિઓ પરંપરાગત (દેશી) અને પ્રાકૃતિક સ્વરૂપની છે. આમ, સંપૂર્ણ પ્રાકૃતિક પદ્ધતિથી થતી ખેતી અને પશુપાલનની પેદાશ સ્થાનિક માંગના અભાવે નફાકારક નથી. પરંતુ પ્રાકૃતિક ખેતપેદાશો આરોગ્યપ્રદ હોવાથી તેનું પ્રચાર પ્રસાર, મૂલ્યવર્ધન અને બાહ્ય બજારીકરણ કરીને નફાકારક બનાવી શકાય. જેનાથી આદિવાસીઓની પરંપરાગત

પેદાશોની માંગ વધશે તથા તેમના કૌશલ્યને વિકસવાની તક અને સંભાવના વધશે. આ માટે સ્થાનિક આદિવાસીઓને તાલીમબદ્ધ કરી તેમની ક્ષમતા વધારવી જરૂરી છે. જિલ્લા ગ્રામવિકાસ એજન્સી દ્વારા અમલી મિશન મંગલમ યોજના અન્યવયે સખી મંડળોને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તાલીમ, સાધન સામગ્રી અને બજાર ઊભૂ કરી આપવામાં આવે. આવા સખી મંડળો- નાહરી હોટેલ, નાગલી અનેઅડદ પાપડ, મહૂડા અને નાગલી બિસ્કિટ, નાગલી અને મહૂડા ચોકલેટ, વરઈ-સાવાની ભગર, વિવિધ દેશી કઠોળ અને તેની દાળ, વાંસ અને મહુડા ફૂલનું અથાણું, દેશી ચટણી, જંગલી મધ, મહૂડાનું તેલ, દેશી ઘાણીનું તેલ, પોલિસ વિનાના દેશી ચોખ્ખા વગેરે પ્રવૃત્તિઓના ગૃહ ઉદ્યોગ ચલાવે જેથી સ્વયંમ વિકાસનો આત્મવિશ્વાસ કેળવાય.

## રાજકીય અને વહીવટી ભાગીદારી માટે અનામત અધિકાર

નાગરીક સંગઠનો મજબૂત થાય, રાજકીય નેતૃત્વ વધે, આર્થિક સહભાગીદારી વધે, સ્વસંચાલિત સહકારી પ્રવૃત્તિઓ વધે વગેરે બાબતે પ્રગતિ થાય તો ભાગીદારી વર્ધનથી આદિવાસી વિકાસ શક્ય બને. આ માટે આદિવાસીઓ સ્વયંગામી વિકાસની સ્થિતિએ પહોંચે ત્યા સુધી રાજકીય, વહીવટીય, વ્યવસાયિક અને શૈક્ષણિક જેવા ક્ષેત્રોમાં અનામતના અધિકારોનું રક્ષણ થવું જોઈએ. તેમના વ્યવસાયોને બાહ્ય સ્પર્ધાથી રક્ષણ આપવાની તથા આર્થિક પ્રોત્સાહનોની આવશ્યકતા રહેલી છે.

## શૈક્ષણિક અને વૈચારિક ક્ષમતા સહિતનો વિકાસ

આદિવાસીઓનો આર્થિક વિકાસ ત્યારે થયો કહેવાશે કે જ્યારે આદિવાસીઓ પોતાના વિકાસમાં સ્વતંત્ર અને સ્વાવલંબી બને. બાહ્ય બિન આદિવાસીઓની માલિકીના ગુલામ બનવાને બદલે પોતે માલિક બને- નિયોજક બને. આ માટે સરકાર દ્વારા આદિવાસીઓને તાલીમબદ્ધ કરી તેમની ક્ષમતા વધારવી તથા તેમના દ્વારા થતા વ્યાવસાયિક મૂડીરોકાણ માટે પ્રોત્સહન કે આર્થિક સહાય પુરી પાડવી જોઈશે. શિક્ષક વિદ્યાર્થી સાથે આત્મિયતા કેળવી શકે તે માટે સ્થાનિક સામાજિક - સાંસ્કૃતિક તથા આર્થિક સ્થિતિથી વાકેફ હોય અને સ્થાનિક બોલી/ભાષા બોલી શકે એવા સ્થાનિક શિક્ષકોની નિમણુંક કરાશે. શિક્ષકોના જિલ્લા બહારના દૈનિક આવન-જાવન પર નિયંત્રણ લાવવું. શિક્ષકનું નિવાસ 15 કિ.મી. ની હદમાં હોવું જોઈએ. શિક્ષકોની નિયમિતતા અને શૈક્ષણિક ક્ષમતા પર ભાર અને વિદ્યાર્થીઓને શાળાનુ વાતાવરણ આકર્ષે એવી શૈક્ષણિક સગવડો અનિવાર્ય બનાવવું. શૈક્ષણિક સંસ્થાઓમાં નિયમિત રીતે રમત-ગમતની પ્રવૃત્તિઓ તથા સ્પર્ધાઓ યોજીવી તથા રમત-ગમતના શિક્ષકની નિમણુંક ફરજિયાત બનાવવી.

આદિવાસી વિદ્યાર્થીઓમાં કુદરતી રીતે અભ્યાસ માટે શારીરિક અને માનસિક ક્ષમતા છે. શિક્ષણની જટિલતાને પહોચી વળવા તેઓમાં તપસ્યા, સંઘર્ષ, ત્યાગ અને ઊંચી સહન શક્તિ રહેલી છે. આધુનિક જીવનની સુખસગવડો વિના પણ તેઓ ભણવાની ક્ષમતા ધરાવે છે. એ જ રીતે ઘર, પરિવાર, મિત્રો, સગાસંબંધીઓ વગેરેથી દૂર રહીને પણ ભણવા તૈયાર હોય છે. ધોરણ -1 થી ઉચ્ચ શિક્ષણ સુધી છાત્રાલયમાં રહીને ભણનારા નોંધપાત્ર ઉદાહરણો જોવા મળે છે. કુદરતના ખોળે ઊછરેલા, નદી - તળાવ, જંગલ, ખેતર વગેરે સાથે ઘડતર થયું હોવાથી ખડતલ શરીર અને સંઘર્સશીલ મન આદિવાસી બાળકોની મૂડી છે. તરવું. દોડવુ, રમવુ, ઝાડ-ટેકરાની ઊંચાઈ આંબવી તથા વનસ્પતિ અને જીવસૃષ્ટિનો પરિચય જેવી કુદરતી ક્ષમતાઓ વિકસી છે. રમત-ગમ્મતના ક્ષેત્રમા સ્પર્ધા કરવા તેઓ કુદરતી રીતે જ ક્ષમતા ધરાવે છે.

## ઉપસંહાર

આમ, આદિવાસી વિકાસની પરંપરાગત વ્યૂહરચનાને સ્થાને આદિવાસી વિકાસની વૈકલ્પિક અભિગમ મુજબ વ્યૂરચના ગોઠવવાની આવશ્યકતા છે. અર્થાત આદિવાસીઓની ટૂંકાગાળાની આર્થિક વૃદ્િધ કરતા સંપોષિત વિકાસની દિશામાં તેઓની ક્ષમતાનુ વર્ધન કરીને વિકાસ સાધવુ પડશે. આ માટે સૌ પ્રથમ આદિવાસીના પ્રશ્નો ચકાસી તે પ્રશ્નોના ઉકેલ માટે સ્થાનિક સંસાધનો, ભૌગોલિક સ્થિતિ અને આદિવાસી લોકોમાં રહેલી ક્ષમતા, તેમની સંસ્કૃતિ અને તેમની ઈચ્છા મુજબ તેમની ભાગીદારીથી જ વિકાસની વ્યૂહરચના અમલી બનાવવાની આવશ્યકતા છે.

## સંદર્ભ-


- શુક્લ, રોહિત. "ગુજરાતમાં જંગલો અને પર્યાવરણના પ્રશ્નો." માધુકરી, સરદાર પટેલ ઈન્સિટટ્યૂટ ઑફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદ, ડિસેમ્બર, અંક-2, 2001.
- વહોનિયા, દેવચંદ, "સહભાગી વનવ્યસ્થા દ્વારા વનવિકાસનો પ્રયાસ", આદિવાસી ગુજરાત, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, 2004.
- ભોયે. કૈલાસ. "વન અધિકાર કાયદા-2006ની આર્થિક અને વનસંરક્ષક ભૂમિકાનું મૂલ્યાંકન ". વિદ્યાપીઠ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, અંક-1, જાન્યુ-માર્ચ, 2016.
- જોષી, વિદ્યુત આદિવાસી વિકાસ દર્શન. પ્રથમ આવૃત્તિ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, 2009.
- પાંડર, સુભાષ. સહભાગી વનવ્યવસ્થાપનનો આદિવાસી સમુદાય ઉપર પ્રભાવ, પ્રથમ આવૃત્તિ, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ. 2012.
- ડાંગ જિલ્લા સર્વસંગ્રહ. સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સરદાર ભવન, 2012.
- પટેલ, ભીખા અને પટેલ, પ્રવીણ. આદિવાસીઓ : એક દ્રષ્ટિક્ષેપ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યોપીઠ, અમદાવાદ, 2014.
- मिश्रा, एस.पी. र्यावरणीय एवं वनविकास, आविष्कार पब्लिशर्स, राजस्थान. 2001.
- Statistical Abstract of Gujarat State.2019. Directorate of Economics and Statistics, Government of Gujarat, Gandhinagar.
- ચૌધરી આદિવાસીઓનો દેવસ્થાનકો અને દેવકથાઓ – ડૉ . વિક્રમભાઈ ચૌધરી
- ચૌધરી સમાજનો પરંપરાગત મૌખિક સાહિત્ય એક ભાષાકીય અધ્યયન – ડૉ . હેતલ ચૌધરી